Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પુસ્તક: ૯૫
સને ૧૯૯૭।૯૮
સંવત: ૨૦૫૪

શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેટ, ભાવનગર

# શ્રી આત્માનંદ પ્રકાશ

વાર્ષિક ફાઈલ

શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઈટ, ભાવનગર - ૩૬૪૦૦૧.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઇટ, ભાવનગર

# શ્રી આત્માનંદ પ્રકાશ

## Shree Atmanand Prakash



विद्वान् धन्यधिकारी वा भवितुं शक्नुयान्न वा ।
सदाचरणशाली तु भवितुं शक्नुयाज्जनः ॥

* માણુસ વિદ્વાન, ધની કે હોદ્દેદાર થઈ શકે કે ન થઈ શકે. પણ સદાચરણશાલી બનવું એ તો એના હાથની વાત છે.

* A person can be or cannot be learned rich or high ranked. but it is at his disposal to be well-conducted.



| | | |
|---|---|---|
| પુસ્તક : ૯૫ | કારતક–માગસર | આત્મ સંવત : ૧૦૧ |
| 卐 | 卐 | વીર સંવત : ૨૫૨૪ |
| અંક : ૧-૨ | નવેમ્બર–ડીસેમ્બર–૯૭ | વિક્રમ સંવત : ૨૦૫૪ |



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા



| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | મહાવીર છો સર્વના પ્યારા | અમુલખ ડી. શાહ | ૧ |
| (૨) | નૂતન વર્ષના મંગલ પ્રભાતે | શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ | ૨ |
| (૩) | પ્રામાણિકતાનો પ્રતાપ | — | ૫ |
| (૪) | આંતરચક્ષુ ખુલે તો જગત બદલાઈ જાય છે | મહેન્દ્ર પુનાતર | ૮ |
| (૫) | પ. પૂ. આગમ પ્રજ્ઞ-તારક ગુરુદેવશ્રી જંબુવિજયજી મ. સાહેબના વ્યાખ્યાનો | — | ૯ |
| (૬) | પોષ દશમીની આરાધનાનું મહાત્મ્ય | દિવ્યકાંત એમ. સલોત | ૧૩ |
| (૭) | શ્રી અરવિંદભાઇ પનાલાલનું અભિવાદન | કુમારપાળ દેસાઈ | ૧૬ |



આ સભાના નવા આજીવન સભ્યશ્રી

શ્રી રસીકલાલ જેઠાલાલ શાહ – ભાવનગર

શ્રીમતી ઇલાબેન રસેશકુમાર શાહ–ભાવનગર

શ્રી પ્રતાપરાય નાનચંદભાઈ દોશી ભાવનગર

શ્રી વનમાળીદાસ મેઘજીભાઈ પારેખ–ભાવનગર

શ્રીમતી ચારૂબેન પરેશકુમાર મહેતા–ભાવનગર

શ્રી બકુલકુમાર જયંતિલાલ પારેખ–ભાવનગર

શ્રી કિરીટકુમાર કેશવલાલ શાહ - ભાવનગર

શ્રીમતી કુસુમબેન રાયચંદ શાહ - ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ


## મહાવીર છો સર્વના પ્યારા

[ તર્જ : તમે મન મૂકીને વરસ્યા ]

મહાવીર છો સર્વના પ્યારા, સ્વીકારો વંદન અમારા
હે જગના તારણહારા, સ્વીકારો વંદન અમારા
મહાવીર છો....

ઉપસર્ગો આવ્યા જીવનમાં, સમતા ભાવે સહેતા
મિત્ર, વિરોધી શરણે આવે, સૌને ઉગારી લેતા
તમે રહ્યા ક્ષમા આપનારા, તમે સમદષ્ટી ધરનારા
મહાવીર છો....

પ્રેમનુ જળ જગમાં પ્રસરાવી, વેર ને ઝેર શમાવ્યા
સર્વે જીવોને સરીખા ગણાવી, ઊંચ નીચ ભેદ ભુલાવ્યા
તમે અહિંસા ધર્મ દેનારા, તમે જગ શાન્તી કરનારા
મહાવીર છો....

મધુર વાણી એવી તમારી, સૌએ પામે શાતા
સ્મરણ તમારૂ કરતા દિલમાં, દુઃખ બધા દુર થાતા
તમે મીઠી છાયા દેનારા, તમે અમૃત પાન પાનારા
મહાવીર છો....

વીરનુ જન્મ કલ્યાણક ઉજવે, સંઘ સકળ સહુ સાથે
ફરકી રહ્યો એકતાનો ઝંડો, પ્રભુની મહેર છે માથે
અમે વીરના ગુણ ગાનારા, વરતાવે જય જયકારા
મહાવીર છો....

થાય પ્રકાશ પ્રભુ અમ ઉરમાં, મન મંદિરે આવો
શ્રી વૃદ્ધિચંદ્રજી મંડળ વિનવે, મોહ તિમિર હટાવો
તમે સદાય આશ પુરનારા, અમે બનીએ મોક્ષ જનારા
મહાવીર છો....

રચયિતા: અમુલખ ડી. શાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# નૂતન વર્ષના મંગલ પ્રભાતે

— શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ-પ્રમુખ

"શ્રી આત્માનંદ પ્રકાશ" માસીક ૯૪ વર્ષ પુરા કરી ૯૫માં વર્ષમાં પ્રવેશ કરે છે તથા શ્રી જૈન આત્માનંદ સભાનું એકસો એકમું વર્ષ શરૂ થયેલ છે, જે આપણા સર્વને માટે આનંદ તેમજ ગૌરવ અપાવે તેવું છે.

"શ્રી આત્માનંદ પ્રકાશ" આત્મ જ્ઞાનની સુગંધ ફેલાવતું સદ્‌જીવન તથા સદ્‌વિચાર અર્થે જ્ઞાન પ્રગટાવતું પ્રગતિ કરી રહ્યું છે.

અમો માસીકમાં વિદ્વાન પૂ. ગુરુ ભગવંતોનાં લેખો, જૈન ધર્મના તત્ત્વજ્ઞાનના લેખો, વિદ્વાન ભાઈઓ તથા બહેનો તરફથી આવેલા લેખો, સ્તવનો, પ્રાર્થના ગીતો, જૈન સાહિત્ય અને ઇતિહાસના લેખો, ભકિતભાવના લેખો તથા ભાવનગરમાં ચાતુર્માસ પધારેલ પ.પૂ. ગુરુભગવંતોની શુભ નિશ્રામાં ઉજવાયેલ ધર્મિક કાર્યો, આરાધનાઓ ધાર્મિક મહોત્સવો વિગેરેની માહિતી સમયાનુસાર પ્રગટ કરીએ છીએ

શ્રી જૈન આત્માનંદ સભા દ્વારા થતી અન્ય પ્રવૃત્તિઓ તરફ જરા નજર કરીએ.

શ્રી જૈન આત્માનંદ સભા જૈન સાહિત્ય તેમ જ ભારતીય સમગ્ર દાર્શનિક સાહિત્યના પ્રકાશન ક્ષેત્રે આગવું સ્થાન ધરાવે છે. આગમ સંશોધક પ.પૂ. વિદ્વાન મુનિશ્રી જંબૂવિજયજી મહારાજ સાહેબે અથાગ પરિશ્રમ ઉઠાવીને સંશોધન કરેલ અને સંપાદિત કરેલ "શ્રી દ્વાદ્‌સાર નયચક્રમ" ના ત્રણ ભાગોનું આપણી સભાએ પ્રકાશન કરેલ છે, જેની દેશ-પરદેશમાં જાપાન, જર્મની, ઓસ્ટ્રીયા, અમેરિકા, વિગેરે દેશોમાં સારી માંગ છે; તેમાં પહેલા ભાગનું (પુનઃમુદ્રણ), આપણા શતાબ્દી વર્ષમાં, વિમોચન વિધિ સમારંભ આગમપ્રજ્ઞ પૂ. મુનિશ્રી જંબૂવિજયજી મહારાજ સાહેબ આદિ ઠાણાની શુભનિશ્રામાં શંખેશ્વર મુકામે ગત તા. ૯-૨-૯૭ને રવિવારના રોજ મુંબઇ સ્થિત શ્રી ગીરીશભાઈ શાહના વરદ્‌હસ્તે કરવામાં આવેલ. તે વખતે સભાના પ્રમુખશ્રીએ આ ગ્રંથ અને કાર્યની કંઠીનતા વિષે, ચાલીસ-ચાલીસ વર્ષોનાં સતત પરિશ્રમપૂર્વક પ.પૂ. જંબૂવિજયજી મહારાજ સાહેબે સંશોધન અને સંપાદિત કરેલ આ ગ્રંથની સુંદર છણાવટ કરેલ. આ પ્રસંગે સભાના હોદ્દેદારશ્રીઓ તેમ જ કારોબારી સમિતિના સભ્યશ્રીઓ સારી સંખ્યામાં શંખેશ્વર મુકામે હાજર રહેલ.

પ.પૂ. આચાર્ય ભગવંતશ્રી નયપ્રભસૂરીશ્વરજી મહારાજ સાહેબની પ્રેરણાથી શ્રી તીર્થંકર ચરિત્ર (સચિત્ર) નું પ્રકાશન કાર્ય ચાલી રહ્યું છે અને તેના વિના વિમોચનનો સમારંભ પ.પૂ. આચાર્યશ્રી નયપ્રભસૂરીશ્વરજી મહારાજ સાહેબની શુભનિશ્રામાં થાણા (મુંબઇ) મુકામે આગામી જાન્યુઆરી માસમાં રાખવામાં આવેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ સભા પોતાની જ માલિકીના મકાનમાં "જાહેર ફ્રી વાંચનાલય" ચલાવે છે. સ્થાનિક ભાવનગર, રાજકોટ, અમદાવાદ તેમ જ મુંબઇના દૈનિક વર્તમાન પત્રો-વ્યાપારને લગતા અઠવાડિક અંકો તથા જૈનધર્મના બહાર પડતા વિવિધ અઠવાડિકો, માસીકો વાંચવા માટે મુકવામાં આવે છે. જેનો જૈન-જૈનેતર ભાઈઓ બહોળા પ્રમાણમાં લાભ લઇ રહ્યા છે.

આ સભા સારી લાઇબ્રેરી પણ ચલાવે છે, જેની અંદર પ્રતો, જૈન ધર્મના પુસ્તકો, સંસ્કૃત, પ્રાકૃત પુસ્તકો, વ્યાકરણના પુસ્તકો, અંગ્રેજી, ગુજરાતી, હિન્દી પુસ્તકો તેમ જ નોવેલોનો સમાવેશ થાય છે. આ પુસ્તકોનો લાભ પ.પૂ. ગુરુભગવંતો અને સાધ્વીજી મહારાજ સાહેબો પણ ચાતુર્માસ દરમ્યાન જ્ઞાનાભ્યાસ તેમ જ વ્યાખ્યાન સમયે પ્રવચનાર્થે સારા પ્રમાણમાં ઉપયોગ કરે છે. જૈન તેમ જ જૈનેતર ભાઇઓ-બહેનો પણ સારા પ્રમાણમાં આ લાઇબ્રેરીનો ઉપયોગ કરી રહ્યા છે.

## ધાર્મિક પ્રવૃત્તિઓ :-

૧. સં. ૨૦૫૩ના માગ. વદ ૪ ને રવિવાર તા. ૨૯-૧૨-૯૬ના રોજ ઘોઘા મુકામે શ્રી નવખંડા પાર્શ્વનાથજીનો યાત્રા પ્રવાસ રાખવામાં આવેલ હતો. ઘોઘા શ્રી નવખંડા પાર્શ્વનાથ દાદાના રંગમંડપમાં શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા સંગીતકાર મંડળી સાથે ભવ્ય રાગ-રાગણીપૂર્વક ભણાવવામાં આવી હતી. ઘણી જ સારી સંખ્યામાં સભાના સભ્યો તેમ જ મહેમાનો આ યાત્રાપ્રવાસમાં જોડાયા હતા. સવારે તથા બપોરે ગુરુભક્તિ તથા સ્વામીભક્તિ કરવામાં આવેલ.

૨. સં. ૨૦૫૩ના ચૈત્ર સુદ ૬ ને રવિવાર તા. ૧૩-૪-૯૭ ના રોજ ધોલેરા કલિકુંડ (ધોળકા), સાવત્થી (બાવળા), આદિ તીર્થોની યાત્રા કરવામાં આવી હતી. આ યાત્રા પ્રવાસમાં સભ્યશ્રીઓ તથા મહેમાનોએ આનંદ અને ઉલ્લાસપૂર્વક ભાગ લીધો હતો.

૩. સં. ૨૦૫૩ના જેઠ સુદ ૩ ને રવિવાર તા. ૮-૬-૯૭ના રોજ તાલધ્વજગિરિ (તળાજા) નો યાત્રાપ્રવાસ રાખવામાં આવ્યો હતો. જેમાં સભાના સભ્યશ્રી ભાઈઓ-બહેનો તથા મહેમાનોએ પણ સારી એવી સંખ્યામાં જોડાયા હતા. તાલધ્વજ ગિરિરાજ સ્થિત સુમતિનાથ દાદાના દરબારમાં રાગ-રાગણી પૂર્વક પૂજા ભણાવવામાં આવી હતી.

## અન્ય પ્રવૃત્તિઓ :-

૧. સં. ૨૦૫૩ના કારતક સુદ એકમના રોજ નૂતન વર્ષના પ્રારંભની ખુશાલીમાં મંગલમય પ્રારંભે સભાનું સ્નેહમિલન રાખવામાં આવેલ. જેમાં કેસરી દૂધની પાર્ટીનું આયોજન કરવામાં આવેલ.

૨. સં. ૨૦૫૩ના કારતક સુદ ૫ શુક્રવાર તા. ૧૫-૧૧-૯૬ના રોજ સભાના વિશાળ લાઇબ્રેરી હોલમાં સુંદર અને કલાત્મક જ્ઞાનની ગોઠવણી સભાના સ્ટાફ દ્વારા ભારે જહેમતપૂર્વક કરવામાં આવી હતી. સવારના છ વાગ્યાથી રાત્રિના નવ દરમ્યાન અનેક સાધુ-સાધ્વીજી ભગવંતો સકળ શ્રીસંઘના શ્રાવક-શ્રાવિકા ભાઇ-બહેનો તથા નાના બાલક-બાલિકાઓએ હોશપૂર્વક દર્શન-વંદનનો લાભ લીધો હતો. ઘણા બાળકોએ કાગળ-કલમ લાવી જ્ઞાનની પૂજા ભક્તિભાવપૂર્વક કરી હતી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩. આઝાદીના સુવર્ણ જયંતિના મંગલ પ્રભાતે તા. ૧૫-૮-૧૯૯૭ના રોજ સભાના વિશાળ ભોગીભાલ લેકચર હોલમાં ન્યુ એસ.એસ.સી. ૧૯૯૭ની વાર્ષિક પરીક્ષામાં સંસ્કૃત વિષયમાં ૮૦ કે તેથી વધુ માર્ક્સ મેળવનાર વિદ્યાર્થી ભાઇ-બહેનોને ઇનામ (પારિતોષક) અર્પણ કરવાનો તેમજ કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને સ્કોલરશીપ અર્પણ કરવાનો એક બહુમાન સમારંભ યોજવામાં આવ્યો હતો. સંસ્કૃત વિષયોમાં ૮૦ થી વધુ માર્ક્સ મેળવનાર ૨૮ વિદ્યાર્થી ભાઇ-બહેનોને માર્ક્સ અનુસાર ઇનામો આપવામાં આવેલ. તેમ જ કોલેજમાં અભ્યાસ કરતાં ૧૭ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ અર્પણ કરવામાં આવેલ.

સભા દ્વારા પ્રકાશિત કરેલા ધાર્મિક ગ્રંથોનું (ગુજરાતી તેમજ સંસ્કૃત) સભા વેચાણ કરે છે તથા પ.પૂ. મહારાજ સાહેબો, પૂ. સાધ્વીજી મહારાજો તેમ જ જ્ઞાનભંડારોને ભેટ પણ આપે છે.

પ.પૂ. આચાર્ય ભગવંતશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયના પૂ. આચાર્ય ભગવંતો, પૂ. મુનિ ભગવંતો તથા સાધ્વીજી મહારાજનું ભાવનગર મધ્યે દાદાવાડીમાં આગમન થયું હતું. આપણી સભાના હોદ્દેદારશ્રીઓની વિનંતીને માન આપી પૂ. આચાર્યશ્રી રાજશેખરસૂરીશ્વરજી મ.સા., પૂ. આ.શ્રી ગુણયશસૂરીશ્વરજી મ.સા., પૂ. આ. શ્રી લલિતશેખરસૂરીશ્વરજી મ.સા., પૂ. આ.શ્રી હેમભૂષણસૂરીશ્વરજી મ.સા., પૂ આ.શ્રી મુક્તિપ્રભસૂરીશ્વરજી મ.સા. પૂ. આ.શ્રી કીર્તિયશસૂરીશ્વરજી મ.સા. આદિ ગુરુભગવંતો તેમ જ મુનિ મહારાજો તથા સાધ્વીજી મહારાજો આદિ મળી લગભગ ૨૫ ઉપરાંત સાધુ-સાધ્વીજી મહારાજો પધાર્યા હતા. આ પ્રસંગે સભામાં સારી એવી સંખ્યામાં સભ્યશ્રીઓ તેમ જ ભાવિકોની ઉપસ્થિતિ હતી. પૂ. ગુરુભગવંતોએ સભાની લાઈબ્રેરી વિભાગનું નિરીક્ષણ કરી ખૂબ જ પ્રભાવિત થયા હતા ત્યારબાદ સભા દ્વારા અલભ્ય એવી હસ્તપ્રતોનું નિરીક્ષણ કરવામાં આવેલ. સુવ્યવસ્થિત આયોજનનું પૂ. ગુરુભગવંતોએ નિરીક્ષણ કરાવેલ પૂ. ગુરુ ભગવંતોએ આ અલભ્ય એવી હસ્તપ્રતોનું નિરક્ષણ કરતાં તેની જરૂરિયાત અને જાળવણી અંગે સભાના હોદ્દેદારશ્રીઓને યોગ્ય માર્ગદર્શન આપવા સાથે ખૂબ જ ખુશી વ્યક્ત કરી હતી. પૂજ્યશ્રીએ આ સુઅવસરને અનુલક્ષી માંગલિક ફરમાવ્યું હતું. અને સભાના આ શતાબ્દી વર્ષ અંગે મંગલ આશીર્વાદ આપતા કહ્યું હતું કે આ સભા સમગ્ર સૌરાષ્ટ્રમાં જુનામાં જુની સંસ્થા છે. આ સંસ્થાનો ઇતિહાસ અને આજસુધી જે મહાનુભાવોએ પોતાનો અમૂલ્ય સમય ફાળવી સભાના દરેક કાર્યમાં તન-મન-ધનથી જે નિસ્વાર્થ ભાવે સેવા આપી છે, જે સકળ શ્રીસંઘને માટે ગૌરવ લેવા જેવી વાત છે. અમો ઇચ્છીએ છીએ કે આ સભા ઉત્તરોત્તર પ્રગતિ સાધી આ સભાની કારકીર્દીને વધુને વધુ ઉજ્જવલ બનાવે.

પ.પૂ આચાર્યદેવશ્રી વિજયદેવસૂરીશ્વરજી મ.સા., પૂ. આ.શ્રી વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મ.સા. પૂ. આ.શ્રી વિજયપ્રદ્યુમ્નસૂરીશ્વરજી મ.સા. આદિ મુનિભગવંતો તથા સાધ્વીજી મહારાજોના ચાલુ સાલના ચાતુર્માસ દરમ્યાન પ.પૂ. આ.શ્રી વિજયપ્રદ્યુમ્નસૂરીશ્વરજી મ. સાહેબે સભાના કાર્યમાં તેમજ છપાયેલ પ્રતોની જાળવણી અંગે ઉપયોગી સૂચનો કરવા ઉપરાંત આ પ્રતોની યોગ્ય જાળવણી અંગે પૂ સાધ્વીશ્રી સુવિદીતાશ્રીજી મ.સા. આદિ સાધ્વીજી ભગવંતોને આ કાર્ય અંગે સભામાં મોકલ્યા હતા. પૂજ્ય સાધ્વીજી મહારાજો તથા શ્રાવિકા બહેનોએ એક-એક મહિના સુધી નિયમીત હાજરી આપી આ છાપેલ પ્રતોને યોગ્ય રીતે ગોઠવી, લેબલો લગાવી, નંબરો આપી અને દરેકે

For Private And Personal Use Only

દરેક પ્રતોને નવી તૈયાર કરાવવામાં આવેલ પોથીઓમાં પેક કરી આ અંગેનું રજીસ્ટર તૈયાર કરાવી આપેલ. જે કાર્ય માટે સભાના હોદ્દારશ્રીઓએ સાધ્વીજી મહારાજ તથા શ્રાવિકા બહેનોની અનુમોદના કરેલ.

સંવત ૨૦૫૩માં બે પેટ્રનો તથા અઠ્ઠયાવીસ નવા આજીવન સભ્યો થયા છે.

આ સભાની પ્રગતિમાં પ.પૂ. ગુરુભગવંતો પ. પૂ. સાધ્વીજી મહારાજો, વિદ્વાન લેખક–લેખિકાઓ, પેટ્રનશ્રીઓ તથા આજીવન સભ્યશ્રીઓ વિગેરેએ જે સાથ-સહકાર આપેલ છે તે સર્વેનો ખૂબ જ આભાર માનવામાં આવે છે.

આપ સર્વેનું જીવન આનંદ અને ઉલ્લાસપૂર્વક વૃદ્ધિવંત બનો તેવી પ્રાર્થના અને શુભેચ્છા સહ નૂતન વર્ષાભિનંદન.

✡

# પ્રામાણિકતાનો પ્રતાપ

વિક્રમ સંવત ૧૭૪૦માં ગુજરાત-સૌરાષ્ટ્રમાં મોટો દુષ્કાળ પડયો. જેમાં અનેક પશુઓ અને મનુષ્યયો ભૂખે મરવા લાગ્યા ચોમાસુ બેસી ગયું હતું અને દિવસો પસાર થયે જતા હતા, તો પણ વરસાદ આવ્યો નહીં.

તે વખતના ગુજરાતના નરેશે અનેક યજ્ઞો કર્યા અને સાધુ-સંતોને પણ પ્રાર્થના કરી, પરંતુ વરસાદ આવ્યો જ નહીં. કોઈ પ્રજાજનોએ કહ્યું કે આપણા રાજ્યમાં અમુક વેપારીએ છે તે ચાહે તો વરસાદ થાય.

રાજા તુરત તે વેપારી પાસે ગયા અને વાતચીત કરી. વેપારી કહે : મહારાજ ! હું તો આપનો એક સામાન્ય પ્રજાજન છું. મારાથી શું થઈ શકે ? તોપણ રાજા માન્યા નહીં, તે તો હઠ કરીને બેસી ગયા કે તમારે આ અનેક મુક પશુઓ અને ભુખ્યા પ્રજાજનો ઉપર દયા કરવી જ પડશે. તમે તેમ નહીં કરો ત્યાં સુધી તમારા ઓટલા ઉપર ભૂખ્યો બેસી રહીશ.

આખરે વેપારીને માનવું પડયું. તેણે પોતાનું ત્રાજવું ઉઠાવ્યું અને આકાશ સામે જોઈને કહ્યું : 'જો આ ત્રાજવાથી મેં કોઇને કયારેય ઓછું–અધિકું દીધું ન હોય, નીતિનું જ સેવન કર્યું હોય, સત્યનું જ આચરણ કર્યું હોય તો હે દેવતાઓ ! તમે અનુગ્રહ કરજો.'

હજુ તો વેપારીએ પોતાની પ્રાર્થના પૂરી કરી તેટલામાં તો આકાશ ધીમે ધીમે વાદળાઓથી ઘેરાવા લાગ્યું. ઠંડો પવન આવવા લાગ્યો અને વરસાદ પડવા લાગ્યો.

સત્ય અને પ્રામાણિકતાનો આવો પ્રભાવ જોઇ રાજા અને સમસ્ત પ્રજાજનો ખૂબ ખુશ થઇ ગયા અને પેલા વેપારીની કીર્તિ રાજ્યસભામાં ફેલાઇ ગઇ.

પ્રામાણિકતાને પરમાત્મા પણ વશ વર્તે છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આંતરચક્ષુ ખુલે તો જગત બદલાઇ જાય છે

આ જગતમાં કોઈ સંપૂર્ણ રીતે સુખી નથી. કોઈને તનનું, કોઈને મનનું, કોઈને ધનનું અસુખ રહેલું છે. મોટા ભાગના દુઃખો ઇચ્છાઓ, અપેક્ષાઓ અને લાલસામાંથી સર્જાય છે. ઇચ્છાઓ અનંત છે. એક ઇચ્છાની પૂર્તિ થાય ત્યાં બીજી ઇચ્છા ઊભી થવાની છે. લોભ, મોહ અને તૃષ્ણા પર વિજય મેળવવાનું એટલું આસાન નથી. દરેક માણસ પોતાના કરતા બીજાને વધુ સુખી સમજે છે. સુખ માટેની તેની નજર બીજા પર હોય છે એટલે તેમાંથી અસંતોષ, ઇર્ષા અને અદેખાઇ ઊભી થાય છે. આ દુનિયામાં સંજોગો અનુસાર ઘટનાઓ ઘટિત થાય છે. માણસ દરેક પરિસ્થિતિનો કેવી રીતે સ્વીકાર કરે છે તેની પર સુખ અને દુઃખનો આધાર છે. એકનું સુખ બીજાનું દુઃખ બની શકે છે. જીવનમાં બનતી તમામ ઘટનાઓનો માણસ સાહજિકતાથી સ્વીકાર કરી લેઅને ધૈર્ય રાખે તો ધીરેધીરે આ પરિસ્થિતિમાંથી બહાર નીકળી શકે છે.

સુખ અને શાંતિ માટે મનુષ્ય ઊંધુ ઘાલીને દોડી રહ્યો છે. કશું પણ સમજયા વગર, કશું પણ જાણ્યા વગર ગાડરિયા પ્રવાહની જેમ આ રફતાર ચાલી રહી છે. આ દોટનું શું પરિણામ આવશે. એમાંથી શું નિષ્પન્ન થશે એની પણ ખબર નથી. હું કોણ છું, કયાંથી આવ્યો છુ. શું સાથે લાવ્યા હતો અને શું સાથે લઇ જવાનો છું એવા પ્રશ્નો જો ભીતરમાંથી ઉઠે અને જીવનમાં રહસ્યો પરનો પડદો હટી જાય તો માણસની આ વ્યર્થ દોટ શમી જાય.

માણસને ધન જોઈએ છે, પદ, પ્રતિષ્ઠા જોઇએ છે પરંતુ આટલું પુરતુ નથી. તેને બીજાથી કાંઇક વિશિષ્ટ જોઇએ છે, બીજાથી કાંઈ ચડિયાતું જોઇએ છે. આ બધી મનોકામના માણસ ચેનથી રહેવા દેતી નથી. માણસને કાંઈક વધુ મેળવવાની સ્પર્ધામાં પોતાની પાસે જે કાંઇ પોતીકું છે તે પણ ગુમાવે છે. જ્યાં સ્પર્ધા છે, એક બીજાને હરાવવાની હોડ છે, એક બીજાથી આગળ નીકળી જવાની મહેચ્છા છે ત્યાં ઇર્ષાની આગ પણ છે અને ભય પણ છે હું હારી તો નહીં જાઉને ? બીજો મારાથી આગળ તો નીકળી નહીં જાય ને ? જ્યાં ઇચ્છા અને તૃષ્ણા છે ત્યાં વિરોધ છે, સંઘર્ષ છે અને તણાવ છે મન એક ઇચ્છામાંથી બીજી ઇચ્છામાં ભટકતું રહે છે પરંતુ કોઇ જાતની તૃપ્તિ થતી નથી. દુન્યવી સુખો પાછળની દોટથી આખરે કશું હાથ આવતું નથી જ્યારે આ બધુ મળે છે ત્યારે તેનો કોઈ અર્થ રહેતો નથી. આ બધુ પ્રાપ્ત કરવાની લાલસામાં માણસ જીવનનો આનંદ ગુમાવી બેસે છે સુખના સ્વપ્નો મૃગજળ જેવા હોય છે. તમે જેટલા નજીક જવા પ્રયત્ન કરો એટલા એ દૂર ભાગે છે. મનના આ બધા ઉપદ્રવો છે.

સુખ અને દુઃખ બદલી શકાતા નથી. દરેક માણસે પોતાની રીતે સુખ શોધવાનું હોય છે. તે કોઈ આપી શકતું નથી કે કોઇ છીનવી શકતું નથી. આ આનંદ અને સુખ કયાં છે ? તે અંગે આચાર્ય રજનીસે એક કથામાં સારી રીતે સમજાવ્યું છે. તે કથામાં થોડા ફેરફાર સાથે આ વાતને સમજવાનો પ્રયાસ કરીએ.

એક દિવસ ગામના લોકો જાગ્યા ત્યારે તેમને આકાશવાણી સંભળાઈ અને પ્રભુ સ્વયં પ્રગટ થયા અને કહ્યું "સંસારના લોકો હું તમને એક અમૂલ્ય ભેટ આપવા માગું છું. તમે તમારા દુઃખથી ત્રાસી ગયા હો તો આમાંથી મુક્ત થવાનો આ એક સુવર્ણ અવસર છે. આજે અરધી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાતે જે કોઈને પોતાના દુઃખોથી મુક્ત થવું હોય તે પોતાના બધા દુઃખો વિચારી લઇ એક પોટલામાં બાંધી લે અને ગામની બહાર ફેંકી આવે. દુઃખના પોટલા મુકીને પાછા ફરતી વખતે જે જે સુખોની કામના હોય તે બધા એક પોટલામાં બાંધી સૂર્યોદય પહેલા બધા ઘેર પાછા ફરી જાય એમના દુઃખોની જગ્યાએ સુખો આવી જશે.'

કલ્પવૃક્ષ જેવી પ્રભુની આ ઘોષણા સાંભળીને લોકો રાજીના રેડ થઇ ગયા. દુઃખને કાઢવાની અને સુખને પ્રાપ્ત કરવાની મથામણમાં પડી ગયા. સૌ પોતપોતાને શું દુઃખ છે અને શું સુખ મેળવવું છે વિચારવા લાગ્યા. વધુમાં વધુ સુખ મેળવી લેવું જીંદગીભરનું નહીં જ પરંતુ પેઢીઓની પેઢીઓનાં દળદર ફીટી જાય એવા મનસુબાઓ ઘડાવા લાગ્યા. કોણ મૂર્ખ આવી તક ગુમાવે! આ સંસારમાં એવું કોણ છે જેને કોઈપણ દુઃખ ન હોય અને એવું કોણ છે કે જેને વધુ સુખ મેળવવાની કામના ન હોય?

સૂર્યાસ્ત થયો અને બધા લોકો યાદ કરી કરીને દુઃખના પોટલા બાંધવા લાગ્યા. એક પણ દુઃખ ઘરમાં રહી ન જાય તેની બધાને ચિંતા હતી. અડધી રાતે બધા ઘરો ખાલી થઈ ગયા અને દુઃખના પોટલાઓ બાંધીને લોકો ગામ બહાર જઇ રહ્યા હતા. દૂર જઇને દુઃખોથી ભરેલા પોટલાઓ ફેંકી દીધા અને સુખના પોટલાઓ બાંધવા શરૂ કર્યા. જીવનમાં જે કાંઇ મળ્યું નહોતું, જેની ઝંખના હતી તે બધું યાદ કરી કરીને ભરવા માંડયું. કોઇ સુખ બાકી ન રહી જાય તેની ચિંતા હતી. સુખ તો અસંખ્ય હતા અને સમય ઓછો હતો છતાં જેટલું લઇ શકાય તેટલું લઇને સૂર્યોદય પહેલા લોકો પોતપોતાના ઘરમાં પાછા ફરી ગયા અને જૂએ તો આંખ પર વિશ્વાસ બેસતો નહોતો. જે જે સુખોની ઇચ્છા કરી હતી તે બધુ હાજરાહજુર હતુ ઝુંપડીઓની જગ્યાએ મહેલો ઊભા થઇ ગયા હતા આ બધા જેવા તેવા મહેલો નહોતા. સોનાના મહેલો હતા. સુખોની વર્ષા થઇ ગઇ હતી. જેણે જે ઇચ્છયું તે મળી ગયું હતું પરંતુ આ અંગેનો આનંદ લાંબો સમય સુધી ટકી શકયો નહી. કોઈનો ચહેરો ખુશખુશાલ નજરે પડતો નહોતો. બધાને પડોસીઓનું સુખ વધારે દેખાતું હતું. આ વાત તેને પરેશાન કરી રહી હતી. બીજાનું સુખ જોઇને દરેકને થતું હતું કે આપણે આના કરતા આ સુખ લઇ લીધું હોત તો સારૂં થાત! જૂના દુઃખો જતા રહ્યા અને નવા દુઃખોએ જન્મ લીધો હતો. દુઃખો બદલાઇ ગયા હત અને નવી ચિંતાઓ સવાર થઇ ગઈ હતી. માનવીનું ચિત્ત તો એવું ને એવું ઇર્ષાળુ રહ્યું રતુ. બીજાના સુખ જીરવાતા નહોતા. બીજું કોઇ દુઃખી રહ્યું નહોતું. પરંતુ બીજું કોઇ દુઃખી ન હોય તો સુખનો અનુભવ કેવી રીતે કરી શકાય? કોઈ ગરીબ હોત તો પોતાને શ્રીમંત ગણાવી શકાય ને? અહીં તો બધા શ્રીમંત હતા અહીં દુઃખનું કારણ એ હતું કે બીજાની પાસે છે એ પોતાની પાસે નથી પછી ભલે એ ચીજ એકદમ તુચ્છ કેમ ન હોય.

સુખ અને દુઃખ માણસની ધારણા અને અપેક્ષાઓ પર નિર્ભિત છે. સાચો આનંદ મનનો છે. મનમાં જો આનંદ ન હોય, સંતોષ ન હોય તો આ સોનાના મહેલો કબ્રસ્તાન જેવા છે. દુઃખ અને વ્યથા આસક્તિમાં રહેલી છે. સુખ અને આનંદ અનાસક્તિમાં છે.

ગમે તેટલું મળે તો પણ માણસનો અહંકાર તેને સુખેથી રહેવા દેતો નથી. જેમ જેમ વધુ મેળવતા જાવ તેમ તેમ અહંકર વધુ પ્રજવલ્લિત બને છે. મારા જેવું કોઇ નથી. હું કાંઇક વિશેષ છું. એવું ગુમાન છે. એટલે આ અહંકારને જ્યારે ચોટ લાગે છે ત્યારે માણસ હેરાન પરેશાન બની જાય છે. **બીજાને મોટો બનાવીને માણસ મોટો બનવા માગતો નથી પરંતુ બીજાને નાનો બનાવીને મોટા બનવું** છે એટલે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચોમેર ઈર્ષા, અદેખાઇ અને કાવાદાવા વધ્યા છે. કોઇ વધુ ઊંચુ સ્થાન મેળવે અને હું તેના સ્થાને આવું એવી ઉદાત્ત ભાવના નથી પરંતુ પેલો નીચે પડે અને હુ તેનું સ્થાન કબજે કરી લઉં એવી સંકુચીત ભાવના છે અહંકારનો ભાર માણસને આગળ વધવા દેતો નથી. ઊંચે ઊઠવા દેતો નથી. અહંકાર જો શમી જાય તો આંખો ખુલી જાય અને સત્યનું દર્શન થઇ શકે. નીચેની ઉકિતમાં જેમ કહ્યું છે તેમ...

'અબ રહિમ મુશકિલ પડી
ગાઢે દોઉ કામ
સાંચસે તો જગ નહીં
જૂઠે મિલે ન રામ'

જેને સત્ય સમજાયું છે અને જેણે સત્યને જાણ્યું છે તેના જીવનમાં ક્રાંતિની લહેર ઉભી થાય છે. સત્યનો માર્ગ પરમાત્મા સુધી પહોંચવાનો માર્ગ છે. જે સત્યને જાણે છે તેને માટે જગ ખોવાય જાય છે. દુન્યવી સુખોની તેને કોઇ વિસાત રહેતી નથી. સત્યના રાહે ચાલવા માટે મુશ્કેલી પડે છે. સમાજ સાથેના સંબંધો કપાઈ જાય છે, ઘણી અવહેલના સહન કરવી પડે છે. પરંતુ પરમાત્મા સુધી પહોંચવાનો આ સાચો માર્ગ છે. જૂઠ અસત્ય અને ફરેબથી દુન્યવી સુખો કદાચ પ્રાપ્ત થઈ શકે છે પરંતુ પ્રભુનું સાનિધ્ય, પ્રભુની કૃપા પ્રાપ્ત થઇ શકતી નથી.

**ધન, પદ, પ્રતિષ્ઠાથી કદી સુખ મળી શકતું નથી. ચાહે તેને પકડો કે છોડો બહુ ફરક પડતો નથી. માણસ અંદરથી પરિવર્તિત ન થાય ત્યાં સુધી કશું બદલાતું નથી. જેનું અંતર બદલે છે તેનું બધુ બદલાઇ જાય છે. જે કાંઇ છે તે ભીતરમાં છે તેને બહાર શોધવાની જરૂર નથી. તેને માટે દોટ મુકવાની કે સ્પર્ધા કરવાની કે અદેખાઈ ઇર્ષા કરવાની જરૂર નથી.** આ મનુષ્યની નીજી સંપદા છે. જે આપણું પોતાનું છે તે જ આપણને સુખ આપી શકે છે. પ્રભુના પરમતત્વમા વિશ્વાસ રાખીને આગળ વધવાનું હોય છે. માણસના આંતરચક્ષુ ખુલે છે ત્યારે નવી દૃષ્ટિ મળે છે અને જગત આખું બદલાઇ જાય છે. આપ ભલા તો જગ ભલા.

- મહેન્દ્ર પુનાતર

મુંબઇ સમાચારના જિનદર્શન વિભાગમાંથી સાભાર. તા. ૨૬-૧૦-૯૭

## "સંત અને શીષ્ય"

એક વખત એક સંત-શિષ્ય સાથે નદી પાસેથી પસાર થઇ રહ્યા હતા, ત્યારે શિષ્યે-સંતને સવાલ પુછયો કે, "નદીનું પાણી સમુદ્રમાં જાય છે તો નદીનું પાણી મીઠુ અને સમુદ્રનું પાણી ખારૂ શા માટે ?" સંતે મધુર સ્મિત રેલાવતા કહ્યું કે "નદી સતત દાન કરતી રહે છે, જ્યારે સમુદ્ર હંમેશા સગ્રહ કરતો રહે છે" જે આપતો રહે છે. તે મધુર લાગે છે અને સંગ્રહ કરનાર ધૃણા તેમજ કટુતાને પાત્ર બને છે, તમે પણ નદીની જેમ સતત દાન આપી સંપત્તિના સ્વાદને મધુર બનાવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પ. પૂ. આગમ પ્રજ્ઞ-તારક ગુરુદેવશ્રી

# જંબૂવિજયજી મ. સાહેબના વ્યાખ્યાનો

**[હપ્તો ૪ થો]**

**અષાડ વદ ૫**

સંસારમાં એવું કોઇ સ્થાન નથી કે જ્યાં માણસ અજર અમર બની શકે. ભલે પછી તે ચક્રવર્તિના સ્થાને હોય કે કોઇ રાજા-મહારાજાના સ્થાને હોય. આ જગતમાં સિકંદર નામનો સમ્રાટ થઇ ગયો. એ વખતમાં આ ભારતનું સ્થાન કેવું હતું? દુનિયાના લોકો એમ કહેતા કે માણસે જીવન કેવું જીવવું જોઈએ. એ જાણવું હોય તો તેણે ભારતમાં જવું. જ્યારે અત્યારે તો કેટલાક હિંદુઓ પણ દારૂ, જુગાર, માંસના વ્યસની બની ગયા છે **પહેલાં બીજા લોકો આપણું અનુકરણ કરતા હતા. જ્યારે અત્યારે આપણે પશ્ચિમ વગેરે દેશોના હલકા તત્ત્વોનું અનુકરણ કરી રહ્યા છીએ,** આ સિકંદર ગ્રીષ્મ ઋતુમાં સેના લઇને હિન્દુસ્તાન પર ચડાઈ કરવા આવ્યો છે. ત્યાં સિંધના કિનારે સમાધાન થાય છે અને પાછા ફરવાની તૈયારી કરે છે. ત્યાં સિકંદર પોતાના માણસોને કહે છે કે આપણે હવે પાછા જવું છે માટે કોઇ સંત પુરૂષને લઇ આવો. કારણ કે જ્યારે હું સેના લઇને નીકળ્યો હતો ત્યારે મારા ગુરૂએ મને કહ્યું હતું કે જીતીને પાછા ફરતી વખતે હિન્દુસ્તાનના કોઇ સંતને સાથે લેતો આવજે. દૂતો તપાસ કરવા જાય છે. ત્યાં કોઇ મુનિ જોવામાં આવે છે. દૂતો મુનિ પાસે જાય છે અને કહે છે કે તમને સિકંદર બોલાવે છે. મુનિ કહે છે કે સિકંદર વળી કઈ જાતનું પ્રાણી છે? હું તેને ઓળખતો નથી. મારે સિકંદરની પાસે આવવું નથી. જાઓ સિકંદરને કહો- તારે મળવું હોય તો તું આવ. સિકંદર આવે છે. સિકંદર કહે છે કે ચાલો. મુનિ આવવાની ના પાડે છે. સિકંદર તલવાર ખેંચે છે. ચાલો છો કે નહીં. મુનિ આત્મબળથી કહે છે કે ચલાવ-ચલાવ તારી તલવાર. આત્મા એવી ચીજ છે કે જેને કોઈ અસ્ત્ર કાપી શકતું નથી. કોઈ અગ્નિ બાળી શકતો નથી જે પાણીથી ભીંજાતો નથી તેમજ પવનથી સુકાતો નથી. આ સાંભળતાં જ તેના હાથમાં રહેલી તલવાર પડી જાય છે મુનિની માફી માંગે છે અને મુનિને સમજાવીને લઇ જાય છે. હવે એક વખત સિકંદર ભયંકર માંદગીમાં પડે છે. બચવાની કોઇ શકયતા નથી. એ પોતાની અંતિમ ઈચ્છા બતાવે છે કે જ્યારે મારી નનામી કાઢો ત્યારે મારી નનામીની આગળ ખુલ્લી તલવારે લશ્કર રાખજો. વૈદો, હકીમો, ખજાનચીઓ બધા ચારે બાજુ ચાલજો. મારા બંને હાથ પહોળા અને ખુલ્લા રાખજો. અને ઉદ્‌ઘોષણા કરજો કે આખી પૃથ્વીનો સ્વામી સિકંદર જઈ રહ્યો છે. તેને આ લશ્કર, આ વૈદ, આ હકીમ કોઇ બચાવી શકયા નથી. મારા જીવનમાંથી બધા બોધપાઠ લે કે, માણસ કાંઈ લઇને આવ્યો નથી. અને કાંઇ લઇને જવાનો નથી. કેવળ પુણ્ય અને પાપ લઈને જાય છે. શાસ્ત્રકારો તમને તમારા પેટ પુરતી દોડધામ કરવા માટે ના નથી પાડતા પરંતુ ના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાડે છે કેવળ પટારા ભરવા માટે.

પંજાબની વાત છે. ગુરૂ નાનક એક જગ્યાએ ફરતા ફરતા જઈ રહ્યા છે. ત્યાં કોઇ ધનિક માણસ હતો. ગુરૂ નાનક પ્રવચન આપી રહ્યા છે. આ ધનવાન માણસ પણ પ્રવચનમાં આવેલો છે. પ્રવચન પુરૂં થયું એટલે પેલો માણસ ગુરૂ નાનકને કહે છે કે સાહેબ કઇ કામકાજ હોય તો કહેજો. ધનિક માણસને એમ કે પાંચ-પચાસ ખર્ચ્યા એટલે આપણું માન ગુરૂ પાસે રહે. ગુરૂ કહે ભાઇ એક કામ છે. મારી પાસે એક સોઇ છે એ સોય તમને હું સાચવવા આપું છું. જ્યારે હું પરલોકમાં જાઉં અને તમે પણ પરલોકમાં આવો ત્યારે આ સોય સાથે લઈને આવજો. પેલો ભાઈ મુંઝવણમાં પડે છે. કહે છે ગુરૂજી એતો બની શકે તેમ નથી. ત્યારે ગુરૂ કહે છે કે ભાઇ એક સોઈ જો તું સાથે ન લઇ જતો હોય તો પછી આ વૈભવ પાછળ તારો કિંમતી સમય શા માટે બગાડે છે ? આ સાંભળતાં જ તેનું પૈસા પરનું મમત્વ તૂટી જાય છે અને લક્ષ્મીનો સદ્દવ્યય કરવા માંડે છે માણસ મૃત્યુ પામે છે. ત્યારે ત્રણ વસ્તુ સાથે લઈ જાય છે. પુણ્ય, પાપ અને સસ્કાર. સંસ્કારમાં વિનય, વિવેક, સદાચાર, ક્ષમા તથા પરોપકાર સૌથી વધારે મહત્ત્વના છે. આપણે જ્યાં જઈશું ત્યાં પુર્વના સંસ્કાર પર આપણું જીવન ઘડાવાનું છે. કોઈનો સ્વભાવ જન્મથી જ કોઈનું પડાવી લેવાનો છે. જ્યારે બીજાનો કોઈને આપવાનો છે. કોઇક અભિમાની, કોઇક નમ્ર, આ બધા સ્વભાવો પુર્વના સંસ્કારોને આધારે જ હોય છે. પુણ્યથી સુખ મળશે. પાપથી દુઃખ મળશે. સંસ્કારોથી જીવન ઉજ્જવળ બનશે. સંસ્કાર કેવા કેળવવા એ આપણા હાથની ચીજ છે. સુખ કે દુ:ખને કેમ હટાવવું તે પણ આપણા જ હાથની ચીજ છે.

અષાડ વદ ૬

ભગવાને આપણા પર કેટલી કરૂણા કરી છે. આપણને ભૂખ અને તરસથી તથા અનેક જાતની યાતનાઓથી પીડાતા એવા તિર્યંચપંચેદ્રિયની વચ્ચે ગોઠવ્યા છે. જ્યારે દેવલોકમાં એકલા દેવો છે. ત્યાં નથી મનુષ્ય કે નથી કોઇ યાતનાથી પીડાતા બીજા જીવો. જેથી તેમની આંખ સામે સુખ જ સુખ દેખાય છે અને આપણી આંખ સામે યાતનથી પીડાતા જીવો છે. બીજી યોનિનાં દુઃખો દેખાડવામાં પણ ભગવાનની કરૂણા છે. આપણને આંખ સામે દેખાય કે સંસાર કેવો છે ! જો પાપો કરીશું તો આંખ મીચાયા પછી આપણી સામે આ યોનિયો જ પડી છે. આપણે ઉઠીએ ત્યારથી બસ ખાવા-પીવા-મોજશોખની જ વિચારણા કરીએ છીએ. આપણને સંસારમાં ભય લાગે છે માટે ધર્મ કરીએ છીએ કે સંસારને મીઠો બનાવવા માટે ધર્મ કરીએ છીએ? સંસાર એ કડવો વેલો છે. એ કયારેય મીઠો બનવાનો નથી જો મીઠો બનતો હોત તો ધન્ના-શાલિભદ્ર અને થાવચ્ચાપુત્ર વગેરે નીકળ્યા ન હોત. થાવચ્ચા નામની બાઇ રાજદરબારમાં ખૂબ માનવંતી હતી. દ્વારિકાનગરીમાં તે રહેતી હતી. પોતે વિધવા હતી. કરોડોનો વેપાર કરતી હતી. દ્વારિકામાં નામાંકિત હતી. તેને એક પુત્ર હતો. થાવચ્ચાપુત્ર તરીકે ઓળખાતો હતો. થાવચ્ચપુત્ર જુવાન બને છે. તેને પરણાવે છે. દેવાંગના જેવી તેને સ્ત્રીઓ છે. દોગુંદક દેવની પરે સુખ ભોગવે છે. હવે એક વખત નેમિનાથ ભગવાન દ્વારિકામાં પધારે છે. થાવચ્ચાપુત્ર વાણી સાંભળવા જાય છે. વાણી સાંભળે છે. ભગવાન કહે છે હે ભવ્યાત્માઓ! આ જીવાત્મા મનુષ્ય યોનિમાં પણ એકવાર નહીં કદાચ અનંતીવાર આવી ગયો છે. પરંતુ ધર્મ કર્યા વિના પાછો એની એજ પશુ વગેરેની યોનિમાં ભટકાઈ પડે છે. બસ પુનરપિ જનનમ્... પુનરપિ મરણમ્... પુનરપિ જનનીજઠરે શયનં... અર્થાત્ ફરી ફરીને જનમવું... ફરી ફરીને મરવું.... અને વારંવાર માતાના ઉદરમાં શયન કરવું. માણસો એમ માને છે કે ધર્મની પાછળ ખૂબ ભોગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપવો પડે છે. પરંતુ ધર્મ કરતાં સંસારમાં મનનો, વચનનો, વાણીનો ખૂબ ભોગ આપવો પડે છે. ત્યાગ કઠણુ નથી પરંતુ તે માટે જ્ઞાન થવું કઠણુ છે. કોઇ માણુસને બીડીનો ત્યાગ કરવાનું કહીએ તો એ કહેશે કે તેને છોડવાથી મને આમ થાય છે. મને એમ થાય છે એ પ્રમાણે વાત કાઢશે. પરંતુ જ્યારે ડોક્ટર તેને કહેશે કે ભાઇ જો તું બીડી નહીં છોડે તો તને કેન્સર થશે. આ સમજણુ આવતાં જ એ બીડી છોડી દેશે. આ પ્રમાણે ત્યાગ કરવો કઠણુ નથી. પરંતુ તે માટે જ્ઞાન થવું કઠણુ છે.

જહા જીવા બજ્ઝંતિ – જીવો કેવી રીતે બંધાય છે.

જહા જીવા કિલિસ્સંતિ – જીવો કેવી રીતે કલેશ પામે છે.

જહ જીવા મુચ્ચંતિ – જીવો કેવી રીતે મુક્તિ પામે છે.

ભગવાનની દેશના આ ત્રણ પોઇંટ પર જ ચાલતી હોય છે. મોહરાજા પહેલાં જીવોને બાંધે છે. અને પછી તેને પછડાટો ખવડાવે છે. વૈભવનો અહંકાર અને આસક્તિ માણુસને કયાં લઇ જાય છે ? ચક્રવર્તિ જેવો ચક્રવર્તિ જો રાજ્યવૈભવને છોડે નહીં તો સાતમી નરકે જાય અને છોડે તો મોક્ષમાં જાય. બ્રહ્મદત્ત ચક્રવર્તિ વૈભવમાં આસક્ત હોવાથી સાતમી નરકે જાય છે. અને (કુરૂમતી) તેની રાણી છઠ્ઠી નરકે જાય છે. વૈભવ અને આસક્તિનું આ પરિણામ... ભગવાન કહે છે કે અમર બનવું હોય તો સિદ્ધિ પદને આરાધો. જીવો પહેલાં રાગ, દ્વેષ, મોહ, માયા વગેરેથી બંધાય છે. અને દુર્ગતિમાં ચાલ્યા જાય છે, જો જીવો આ બંધનમાંથી છૂટી જાય તો કલેશમાંથી મુક્ત બને છે અને કલેશમાંથી મુક્ત થાય તો તેની મુક્તિ થઇ જાય છે આવી પ્રભુની દેશના થાવચ્ચાપુત્ર સાંભળે છે અને ચોંકી ઉઠે છે. શું આ વૈભવ મને દુર્ગતિમાં લઈ જશે ? દેશના પૂરી થાય છે. આપણે દેશના સાંભળીએ ખરા, પરંતુ કાનથી સાંભળતા નથી. પ્રાણુ રેડીને જ્યારે દેશના સાંભળીએ ત્યારે એની કિંમત સમજાય, અંધારાને દૂર કરવા માટે ઘણો પ્રકાશ નથી જોઇતો પરંતુ એક નાનું શું કિરણુ બસ છે. હંમેશા વ્યાખ્યાન સાંભળનાર એક શેઠ રોજ વ્યાખ્યાન સાંભળે છે અને પહેલાં આવીને બેસે – એક દિવસ તેમને મોડું થયું એટલે ગુરૂ મહારાજે કહ્યું કે કેમ શેઠ મોડા પડયા ? એટલે એ શેઠ કહે કે સાહેબ આજે હું મારા નાના બાળકને સમજાવવા રહ્યો હતો. એ કહે મારે સાથે આવવું છે. ગુરૂ મહારાજે કહ્યું કે લાવવો હતો ને ? ત્યારે પેલા શેઠ બોલ્યા કે સાહેબ એ એનુ કામ નથી. કારણુ અમે સાંભળીએ તો અમને દેશના લાગે નહીં. જ્યારે નાનું બાળક સાંભળે તો રંગ લાગી જાય. જોયું ને ! કેવા છે આજના શ્રાવકો ! થાવચ્ચાપુત્રે પ્રાણુ રેડીને ભગવાનની દેશના સાંભળી હતી. એક જ દેશનામાં તેમને સંસાર ભયાનક ભાસ્યો. માની પાસે આવીને કહે છે કે – મા મારે સંયમ લેવો છે. મા આ સાંભળીને મૂર્ચ્છા ખાઇ જાય છે. કારણુ આ બધી મિલ્કત પુત્ર માટે ભેગી કરી હતી. કરોડોની મિલ્કત હતી. એક જ પુત્ર હતો. થોડીવારે મૂર્ચ્છા ટળે છે. મા તેને સંયમ કેવો દુષ્કર છે તે સમજાવે છે મા કહે છે કે બેટા બાવીશ પરિષહ જીતવા દુષ્કર છે. ત્યારે પુત્ર કહે છે કે મા સંસારમાં તો બાવીસો પરિષહ છે એને જીતવા એથી પણ દુષ્કર છે.

આત્મામાં જે પરમાત્મા વસે છે, મા-દિકરા– વચ્ચે ખૂબ સંવાદ ચાલે છે. છેવટે પુત્ર જીતે છે. મા થાકે છે અને કૃષ્ણુ મહારાજા પાસે પહોંચે છે કૃષ્ણુ પૂછે છે. કેમ આવવું થયું ? થાવચ્ચા કહે છે – આ પ્રમાણેની હકીકત છે. મારો પુત્ર સંયમ લેવા માટે તત્પર બન્યો છે. તમે એને કાંઈ સમજાવો. થાવચ્ચાપુત્રને કૃષ્ણુ મહારાજા સમજાવે છે. કહે છે કે ભાઇ તારે શું દુઃખ છે ? તારી પાસે બધું છે છતાં પણ જો તને કાંઈ ડર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય તો તારી ઉપર હું નાથ બેઠો છું. ત્યારે થાવચ્ચાપુત્ર કહે કે જુઓ મહારાજા હું તમારી વાત સ્વીકારવા તૈયાર છું. જો તમે મારી આટલી જવાબદારી લેતા હો તો. મારૂં મૃત્યુથી રક્ષણ કરો. જરાથી રક્ષણ કરો જન્મથી રક્ષણ કરો બોલો, છે તૈયારી ? ત્યારે કૃષ્ણ મહારાજ કહે છે– ભાઈ હું પોતે પણ મૃત્યુથી મારૂં રક્ષણ કરી શકતો નથી. તો પછી તને કેવી રીતે બચાવું ? થાવચ્ચાપુત્ર કહે છે કે – મહારાજ ! મારા નાથ તો એવા છે કે જે મને આધિ–વ્યાધિ–ઉપાધિ બધામાંથી બચાવે છે. – મેં એવા નાથનું જ શરણુ ગ્રહણ કર્યું છે. બસ તો મને મારા માર્ગ પર જવા દો. કૃષ્ણ મહારાજાને થાય છે આ સમજીને દિક્ષા લે છે. તેને હવે રોકી શકાય તેમ નથી. માટે તેને રજા આપે છે. અને તેને કહે છે કે દીક્ષાનો વરઘોડો મારા તરફથી. એટલું જ નહીં નગરમાં પણ ઢંઢેરો પીટાવે છે કે થાવચ્ચાપુત્ર દીક્ષા લેવા માટે જઈ રહ્યો છે. જેને એ માર્ગે જવું હોય તે ખુશીથી જાઓ. તેમની પાછળના પરિવારનું હું ભરણ પોષણ કરીશ. રાજ્યમાંથી એક હજાર માણસો તૈયાર થાય છે. બધાની સાથે દીક્ષા લે છે અને આખરે એક હજાર શિષ્યો સાથે થાવચ્ચાપુત્ર શત્રુંજય મોક્ષે જાય છે. પહેલાંના જીવો કેવા લઘુકર્મી હતા. એક દેશનામાં જ સંસાર છોડવા તૈયાર થઈ જતા. દ્રવ્યરૂપી ઝવેરાત દુઃખોને છોડાવતું નથી કે સુખોને આપી શકતુ નથી. ઉલટાની આપત્તિઓને ખેંચી લાવે છે અને દુઃખોમાં ડુબાડે. જ્યારે ધર્મરૂપી ઝવેરાત આ બધામાંથી છોડાવે છે અને અનંતું સુખ આપે છે.

ગુરૂ તત્ત્વનું મહત્ત્વ... દેવતત્ત્વ અને ધર્મતત્ત્વને સમજાવનારા ગુરૂ છે. देवे रुष्टे गुरुस्त्राता गुरौ रुष्टे न कश्चन દેવ રોષાયમાન થશે તો ગુરૂ બચાવી લેશે. પરંતુ જો ગુરૂ રોષાયમાન થશે તો કોઈ બચાવી નહીં શકે. ગુરૂતત્ત્વ દ્વારા સર્વ ગુણો મળી શકે છે. આ આખું શાસન ગુરૂતત્ત્વ પર જ ચાલી રહ્યું છે. તીર્થંકર ભગવંત કેટલો સમય શાસન કરી શકે ? જગતમાં ત્રણ તત્ત્વો મહાન છે. દેવતત્ત્વ, ગુરૂતત્ત્વ અને ધર્મતત્ત્વ. જો આ ત્રણ તત્ત્વો સાથે જીવન જોડાય તો જીવન ધન્ય બની જાય...

(ક્રમશઃ)

# શોકાંજલી

શ્રી ધીરજલાલ દુર્લભદાસ શાહ (ટાણાવાળા) સં. ૨૦૫૩ના અષાઢ વદ ૧૩ તા. ૧–૮–૯૭ના રોજ ભાવનગર મુકામે સ્વર્ગવાસી થયેલ છે. તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા. તેઓશ્રી ખૂબ જ ધાર્મિકવૃત્તિવાળા અને સભા પ્રત્યે અત્યંત લાગણી ધરાવતા હતા. તેમના અવસાનથી તેમના કુટુંબ-પરિવાર પર આવી પડેલ દુઃખમાં સભા સમવેદના પ્રગટ કરે છે. સાથે સાથે સદ્ગતના આત્માને પરમ કૃપાળુ પરમાત્મા પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરે છે.

લિ. શ્રી જૈન આત્માનંદ સભા.
ભાવનગર,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પોષ દશમીની આરાધનાનું મહાત્મ્ય

## આરાધનાનું અમૃત

સંસાર ચક્રવાલમાં પરિભ્રમણ કરતા પ્રાણીને જ્યાં સુધી સાચે સથવારો મળે નહિ ત્યાં સુધી ભવ-ભ્રમણ ટળે નહિ. અનાદિકાલથી સંસાર સાગરમાં અટવાતા આત્માને તીર્થંકર દેવ જેવા સહાયક મળે ત્યારેજ આત્મ સ્થિતિ સુધરે.

શ્રી પાર્શ્વનાથ પ્રભુની આરાધના આત્મ-શકિતનો અખૂટ ખજાનો એકત્ર કરવા માટે અત્યંત ઉપયોગી છે. વાસનાના વિષધરો જ્યારે આત્માને ફંફોળી ખાતા હોય ત્યારે આરાધનાનું અમૃત વિષધરોના વિષને પણ દુર કરે છે આત્માને મુક્ત દશામાં આણે છે.

શંખેશ્વર પાર્શ્વનાથની આરાધના એ સમ-કિતની નીશાની. સમકિત પામનાર આત્મા નિયમા મોક્ષે જવાના.

ભગવાન પાર્શ્વનાથનાં જન્મ વિગેરે કલ્યાણક જ્યારે થએલાં છે તે દિવસોમાં શ્રી પાર્શ્વનાથ ભ. ની નિર્મળ આરાધના દ્વારા આત્મશકિતને એકત્રિત કરવા તત્પર બનવું જોઇએ.

ભગવાન શ્રી ગૌતમસ્વામીજી મહારાજે 'પોષ-દશમીની આરાધના કેવી રીતે કરવી ? એમ જ્યારે પૂછેલું ત્યારે પરમકૃપાલુ પરમાત્મા શ્રી મહાવીર દેવે ભવ્યજનોને હિતકારી ઉપદેશ આપતાં ફરમાવ્યું હતું કે,

'પોષ દશમી એ પાર્શ્વનાથ ભગવાનના જન્મ કલ્યાણકનો દિવસ હોઇ એ દિવસની નિર્મલ આરાધના કરનાર ભવ્યાત્મા આ ભવ અને પરભવમાં પાપ વ્યાપારોથી નિવૃત્ત પામનારો બને છે.'

## 'પોષ દશમીની આરાધના'

૦ માગશર વદિ નોમ, અને અગિયારસ ત્રણ દિવસ એકાસણાં કરવાં.

નોમના દિવસે સાકરના પાણીનું અને દશમના દિવસે ખીરનું એકાસણું, આ બે દિવસ ઠામ-ચોવિહાર એકાસણા કરવા અને અગીયારસના દિવસે અનુકુળતા મુજબ એકાસણું કરવું. નોમ અને દશમ એ બે દિવસ 'શ્રી પાર્શ્વનાથાય નમ'- અર્હતે નમઃ' અગિયારસના દિવસે 'શ્રી પાર્શ્વ-નાથાય નમઃ' ની વીસ વીસ નવકારવાળી રોજ ગણવી. બારખમાસમણાં, બાર સાથીયા, પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાની ભકિત ભાવપૂર્વક શકયતા મુજબ અંગ પૂજા અને અગ્ર પૂજા કરવી.

૦ શ્રી પાર્શ્વનાથ સ્વામી આરાધનાર્થં કાઉસ્સગ્ગ કરૂં ? (ઇરિયાવહિયં કર્યા પછી) આ પ્રમાણે બોલી બાર લોગસ્સ અથવા અડતાલીસ નવકારનો કાઉસ્સગ્ગ કરવો લોગસ્સ 'ચંદેસુનિમ્મલયરા' સુધી બોલવો

દશ વર્ષ સુધી આ રીતે આરાધના કરનાર ભવ્યાત્મા કર્મજન્મ અનેક જાતની આધિ-વ્યાધિ અને ઉપાધિમાંથી જલ્દી મુકત બને છે અને શાશ્વત શિવધામને મેળવવા ભાગ્યશાળી બને છે.

આરાધનામાં બે ટાઇમ પ્રતિક્રમણ, ત્રણ ટાઇમ દેવ વંદન પણ કરવા જોઈએ.

પોષ દશમીની આરાધના દ્વારા મહાભાગ્ય-શાળી શ્રી સુરદત્ત શ્રેષ્ઠી જે સામગ્રીને પામ્યા તેનો રસિક ઈતિહાસ પણ જોવા જેવો છે.

સુરેન્દ્રપુરના ઉદ્યાનમાં સમિતિ ગુપ્તિ સાધક આચાર્ય શ્રી જયઘોષસુરિજી મહારાજા પધાર્યા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે વખતે દરિદ્રતાની સાક્ષાત્ મૂર્તિ જેવો સુરદત્ત શ્રેષ્ઠી પણ ત્યાં આવેલો છે, દરિદ્ર નારાયણ જેવા તેના હાલ છે. એના અંતરમાં ઉલ્કાપાત મચી રહ્યો છે ગુરુદેવની દેશના સાંભળી, વાણીસુધાનું પાન કરી પાવન બનેલો સુરદત્ત એકાન્તમાં ગુરૂદેવને પૂછે છે.

'ગુરૂદેવ ! અનગંલ લક્ષ્મીનો હું સ્વામી હતો પણ આજે મારી પાસે કાણી કોડી પણ રહી નથી. મારા દુઃખની દાસ્તાન રજૂ કરતાં શબ્દોની શરવાણી પણ સૂકાઇ જાય એમ છે. દુઃખ અને દર્દમાં બેહાલ બનેલા મને કોઇ ઉપાય બતાવો.'

'મહાનુભાવ ! લક્ષ્મી આવે અને જાય એ કોઈ મોટી વાત નથી. આજનો ભિખારી કાલે તવંગર બની જાય. આજનો રાજા કાલે રસ્તાને રઝડતો રંક પણ બની જાય. એવી વિષમ્ સ્થિતિમાં ધર્મને સમજેલો આત્મા કદી વિષાદ ધારણ કરે નહિ. છતાંય તમારી આત્મશુદ્ધિ માટે તમારે 'પોષદશમી' ની આરાધના કરવી જોઇએ. પ્રભુ પાર્શ્વનાથના પ્રકટ પ્રભાવના પ્રતાપે તમે સર્વ અભીષ્ઠ વસ્તુને અનાયાસે પ્રાપ્ત કરશો.' આચાર્યશ્રી જયઘોષસૂરિજી ગંભીર સ્વરે બોલ્યા.

ગુરૂના વચનથી ગાંઠવાળી તે જ દિવસથી પોષશમીની આરાધનાના નિશ્ચય સાથે સુરદત્ત ઘેર ગયો.

માગશર વદિ નોમ, દશમ, અગિયારસના એકાસણાં સાથે પ્રભુ પાર્શ્વનાથની આરાધના સુરદત્ત કરવા લાગ્યો. દશ વર્ષની તે આરાધના પૂર્ણ થતાંજ, કાલકૂટ બેટમાં અટવાયેલા શેઠના સવાબસો વહાણુ આપોઆપ શેઠને મળી ગયા. ઘરનાં ભંડારમાં સાપ અને વીંછી રૂપે થઇ ગએલ અગીયાર ક્રોડ સોના મહોર પૂર્વવત્ બની ગઈ.

શેઠ શેઠાણી પાર્શ્વનાથ પ્રભુ પ્રત્યેની અચલ અને અટલ ભક્તિવાળા બની જૈન ધર્મના પરમ ઉપાસક બન્યા. રાજાએ તેમનું શ્રેષ્ઠીપદ નિર્ધનતાના કારણે લઈ લીધું હતું તે પણ પાછું આપ્યું.

લોકોમાં મહામહિમાશાલી પાર્શ્વનાથ પ્રભુનો મહિમા વધવા લાગ્યો. ઘણા ભાવુકો પણ આરાધનાના માર્ગે પ્રયાણ કરવાં તત્પર બન્યા. સુરદત્ત શેઠે આચાર્ય સુખેન્દ્રસૂરિજી મહારાજ પાસે સંયમને સ્વીકાર્યું. પુત્રે પણ પિતા પાછળ પાર્શ્વનાથની આરાધના ચાલુ રાખી. સુરદત્તમુનિ પાર્શ્વપ્રભુ પર પૂર્ણ આસ્થાવાળા બની માસક્ષમણુની ઉગ્ર તપશ્ચર્યા કરતા આયુષ્ય પૂર્ણ થતાં દશમા પ્રાણિત દેવલોકમાં ઉત્પન્ન થયા. ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં રાજકુમાર તરીકે અવતરી સંયમ સ્વીકારી મોક્ષે પધાર્યા.

આવો છે પાર્શ્વનાથ પ્રભુની આરાધનાનો પ્રતાપ આરાધનાના અમૃતને મેળવનાર મહા ભાગ્યશાળી આત્મા સંસારના વિષમય વિષમ વાતાવરણમાંથી જલ્દી ઉગરી જાય છે. પોષદશમીની આરાધના કરનાર આત્માએ દર કૃષ્ણ પક્ષની દશમીએ એકાસણું કરી, પાર્શ્વનાથ પ્રભુની ૨૦ નવકારવાળી ગણવી જોઇએ, પ્રતિક્રમણાદિ આવશ્યક ક્રિયાઓનો પણ આદર કરવો જોઇએ જેનાથી આરાધના જલ્દી ફળે.

તીર્થની યાત્રા કરનાર કે તીર્થંકરની આરાધના કરનાર આત્માએ સામાન્યતઃ અભક્ષાદિના ત્યાગી, રાત્રીભોજનના ત્યાગી બનવું જોઇએ, કંદમૂળ, રાત્રીભોજન, બહારની અભક્ષ ચીજો આત્માને આરાધનાથી વિમુખ બનાવે છે. આત્મત્વની અધોગતિને નોતરાવે છે એ ધ્યાનમાં રાખવું જરૂરી છે.

સમાધિ અને બોધિની પ્રાપ્તિ માટે પાર્શ્વનાથ પ્રભુના ૧૦૮ નામમાંથી પણ શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુના નામનો જાપ કલિકાલમાં કલ્પતરુ સમાન વિશેષતઃ ફળ આપનાર છે.

આ રીતે આજે પણ ઘણા ભાવુકો શ્રી શંખેશ્વરજી મહા તીર્થમાં અઠ્ઠમ, આયંબિલ વિગેરેની આરાધના કરી પોતાના ખોવાયેલા આત્મધનને પાછું મેળવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વીર વિજયજી મહારાજ માટે જ સ્પષ્ટપણે જણાવે છે કે 'રહેજે જિનરાજ હજુરે, સેવક મનોવાંછિત પુરે' પૂર્ણ શ્રદ્ધાથી આ કલિકાલમાં પણ પાર્શ્વનાથ પ્રભુની આરાધના કરનાર; કલ્પવૃક્ષની પાસેથી જેમ ઇચ્છિત સિદ્ધિને મેળવે છે તેમ સર્વ ઇષ્ટ સામગ્રીઓને અનાયાસે એ આત્મા પ્રાપ્ત કરે છે.

આ ભવમાં રોગ રહિત કાયા, ઇષ્ટ સામગ્રીની પ્રાપ્તિ, પરભવમાં સ્વર્ગ અને પ્રાન્તે મોક્ષ સુખને પણ મેળવવા એ આત્મા ભાગ્યશાળી બને છે

કલિકાલના કરાળ પંજામાંથી છુટવાનું અને મુક્તિ વધુને મેળવવાનું ઉત્તમ સાધન શ્રી પાર્શ્વ-પ્રભુની સેવા છે. શાંતિના ધામ સમા એ મહા-તીર્થમાં જનાર આત્મા બળતા દાવાનળ જેવા સંસારમાંથી શાન્તિ મેળવીને ત્રિવિધ તાપને, ઉપશમાવવાનો માર્ગ મેળવે છે.

આ શંખેશ્વર તીર્થની આરાધના દ્વારા સહુ આત્માઓ ચિર શાંતિને પામો.

— સંકલન : **દિવ્યકાંત એમ. સલોત**
**ભાવનગર.**

**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર શતાબ્દી વર્ષ**

# શ્રી તીર્થંકર ચરિત્ર (સચિત્ર) પુષ્પ-૩

## ગ્રંથ વિમોચન સમારોહ

શાસનસમ્રાટ સમુદાયના આચાર્યદેવશ્રી વિજયનયપ્રભસૂરીશ્વરજી મ.સા. આદિ ગુરુ-ભગવંતોની શુભ નિશ્રામાં મુંબઇ-થાણા મુકામે શ્રી મુનિસુવ્રતસ્વામી જિનાલયની સુવર્ણ જયંતી મહોત્સવના સુઅવસર દરમ્યાન શ્રી તીર્થંકર ચરિત્ર ( સચિત્ર ) ગ્રંથનો વિમોચન સમારોહ તા.૨૫-૧-૧૯૯૮ રવિવાર સં. ૨૦૫૪ના પોષ વદ ૧૨ના રોજ રાખવામાં આવેલ છે.

આ સભાના દરેક પેટ્રન સાહેબો તથા આજીવન સભ્ય સાહેબોને અચૂક ઉપરોક્ત સ્થળે હાજર રહી સભાનાં આ મંગલ કાર્યક્રમમાં ભાગ લેવા વિનંતી છે.

સ્થળ :
**શ્રી મુનિસુવ્રતસ્વામી જૈન દેરાસર**
ટેમ્ભી નાકા,
થાણા (મહારાષ્ટ્ર)

તારીખ :
૨૫-૧-૯૮
રવિવાર
સવારના ૯-૦૦ કલાકે

લિ.
શ્રી જૈન આત્માનંદ સભા
પ્રમોદકાંત ખીમચંદ શાહ
પ્રમુખ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મહાજન પરંપરાના સમર્થ ધારક શ્રી અરવિંદભાઇ પનાલાલનું અભિવાદન

ઇન્સ્ટિટયૂટ ઓફ જૈનોલોજી દ્વારા આયોજિત શ્રી અરવિંદભાઇ પનાલાલના અભિવાદન સમારોહમાં પ્રમુખશ્રી શ્રેણિકભાઇ કસ્તુરભાઇએ જણાવ્યું કે જિનાલયોનાં કાર્યમાં સૌથી વધુ ઝીણવટ, ચીવટ અને ઊંડી જાણકારી શ્રી અરવિંદભાઇ ધરાવે છે અને એનો લાભ આપણને સહુને મોટા પ્રમાણમાં મળ્યો છે. શ્રી શંખેશ્વર મહાતીર્થ અંગે એમનું કાર્ય એવું છે કે એ તીર્થના એકેએક શિલ્પમાં એમની સૂઝ અને દૃષ્ટિ પ્રગટ થાય છે. ઇન્સ્ટિટયૂટ ઓફ જૈનોલોજીની ઈંગ્લેન્ડ અને અમેરિકામાં વસતા હોદ્દેદારોએ આ અભિવાદનનું આયોજન કરીને એમની વિદેશમાં ફેલાયેલી કીર્તિનો પરિચય આપ્યો છે અને આપણને સહુને એ બાબતે જાગૃત કર્યા છે કે આપણે આવું અભિવાદન કરવાનું ચૂકી ગયા.

ઇન્સ્ટિટયૂટ ઓફ જૈનોલોજીના ચેરમેન શ્રી રતિભાઈ ચંદરિયાએ એમના સંદેશામાં જણાવ્યું હતું કે શ્રી અરવિંદભાઇ એક વિશિષ્ટ પરંપરાના ધારક છે અને એમણે આ સંસ્થાના પ્રત્યેક આયોજનમાં ઉષ્માભર્યો સહયોગ આપ્યો છે. એમની પાસેથી લો-પ્રોફાઇલ રહીને કઇ રીતે કામ કરવું તે શીખવા જેવું છે. તેઓ શતાયુથી પણ વધુ આયુષ્ય ભોગવે અને એમના દ્વારા દેશ-વિદેશમાં વધુ ને વધુ ધર્મ-કાર્ય અને સેવા થાય એવી અભ્યર્થના પ્રગટ કરી હતી.

કાર્યક્રમનાં સંયોજક ડો. કુમારપાળ દેસાઇએ જણાવ્યું હતું કે શ્રી અરવિંદભાઈ પનાલાલના જીવનમાં ભાવનાની, વિચારોની અને વ્યવહારની પારદર્શકતા જોવા મળે છે. અજોડ મનોબળ અને અપૂર્વ ઇશ્વરશ્રદ્ધાના બળે એમણે જીવનમાં ઘણાં મહત્ત્વના કાર્યો કર્યા છે. દેશ અને વિદેશના દોઢસો જેટલા જિનાલયોમાં એમણે સહયોગ આપ્યો છે અને હ્યુસ્ટન અને લોસએન્જલિસના જિનમંદિરો એમની સહાય વિના સર્જાયા ન હોત, એ હકીકત છે. ઇન્સ્ટિટયૂટ ઓફ જૈનોલોજીની જૈન સ્કોલરની યોજના, એની ઓફિસમાં કોમ્પ્યુટર, ઇન્ટરનેટ જેવા આધુનિક સાધનોની વ્યવસ્થા માટે શ્રી અરવિંદભાઈએ હૂંફાળો સહયોગ આપ્યો છે અને સહુથી વધુ તો આવો સહયોગ આપવા છતાં એ એમની નિઃસ્પૃહતા દૃષ્ટાંતરૂપ છે.

આ પ્રસંગે 'રત્નત્રયીનાં અજવાળાં' નામનું પુસ્તક શ્રી અરવિંદભાઈ પનાલાલને અર્પણ કરવામાં આવ્યું તેમ જ શ્રી શંખેશ્વર તીર્થની પ્રતિકૃતિ એનાયત કરવામાં આવી હતી. સ્થાનકવાસી, સમાજ, દિગમ્બર સમાજ, તેરાપંથી સમાજ તથા અનેક સંઘો અને સંસ્થાઓ દ્વારા એમનુ અભિવાદન થયું હતું.

સન્માનનો પ્રત્યુત્તર આપતા શ્રી અરવિંદભાઈ પનાલાલે જણાવ્યું હતું કે એમના જીવન ઘડતરમાં શ્રેષ્ઠિવર્ય શ્રી કસ્તુરભાઈ લાલભાઈ અને પરમ પૂજ્ય આચાર્યશ્રી રામચંદ્રસૂરીશ્વરજીનો ઘણો મોટો ફાળો છે. એ જ રીતે જીવદયાપ્રેમી પિતા પનાલાલભાઈ અને ધર્મનિષ્ઠ માતા મહાલક્ષ્મી-બહેને પાયાનું સંસ્કારસિંચન કર્યું. પોતાની આ સઘળી સફળતા કારણરૂપે તેઓએ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની પરમ કૃપાને ગણાવીને સહુના પ્રત્યે આદરનો ભાવ પ્રગટ કર્યો હતો.

સમારંભના પ્રારંભે ડો. સેફાલીબહેન શાહે શ્રી શંખેશ્વર તીર્થ તેમજ હઠીભાઇની વાડીના નિર્માતા શ્રી હઠીસિંહ કેસરીસિંહ અને ગુજરાતના નારીરત્ન હરકુંવર શેઠાણી વિશે સ્તવન રજૂ કર્યાં હતા.

— કુમારપાળ દેસાઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.

# પરિપત્ર

સુજ્ઞ સભાસદ બંધુઓ / બહેનો,

આ સભાના સભ્યોની સામાન્ય સભાની બેઠક નીચેના કાર્યો માટે સંવત ૨૦૫૪ના પોષ શુદ ૬ ને રવિવાર તા. ૪-૧-૯૮ ના રોજ સવારના ૧૦-૩૦ કલાકે શ્રી આત્માનંદ ભુવનમાં શેઠશ્રી ભોગીલાલ લેકચર હોલમાં મળશે. તો આપને હાજર રહેવા વિનંતી છે.

(૧) તા. ૨-૩-૯૭ ના રોજ મળેલી સામાન્ય સભાની બેઠકની કાર્યવાહીની શુદ્ધ નોંધ મંજુર કરવા.

(૨) તા. ૩૧-૩-૯૭ સુધીના આવક-ખર્ચના હિસાબ તથા સરવૈયા મંજુર કરવા. આ હિસાબ તથા સરવૈયા વ્યવસ્થાપક સમિતિએ મંજુર કરવા માટે ભલામણ કરેલ છે. સભ્યોને જોવા માટે તે સભાના ટેબલ ઉપર મુકેલ છે.

(૩) તા. ૧-૪-'૯૭ થી તા. ૩૧-૩-'૯૮ સુધીના હિસાબ ઓડિટ કરવા માટે ઓડિટરની નિમણુંક કરવા તથા તેનું મહેનતાણું નક્કી કરી મંજૂરી આપવા.

(૪) પ્રમુખશ્રીની મંજુરીથી મંત્રી રજૂ કરે તે.

લિ. સેવકો

તા. ૧૦-૧૨-'૯૭
ભાવનગર.

હિંમતલાલ અનોપચંદ મોતીવાળા
ચીમનલાલ ખીમચંદ શેઠ
માનદ્ મંત્રીઓ

---

તા. ક. : આ બેઠક કોરમના અભાવે મુલતવી રહેશે તો તે જ દિવસે બંધારણની કલમ ૧૧ અનુસાર અર્ધા કલાક પછી ફરી મળશે અને વગર કોરમે પણ ઉપરની કાર્યવાહી શરૂ કરવામા આવશે.

For Private And Personal Use Only

Shree Atmanand Prakash Regd No. GBV. 31



## અધમ મોહવૃત્તિ

निकृष्टमोहात्मकदुर्विचारान् निर्वासय द्राग्
विशतः स्वचित्तम् ।
प्रविश्य हि घ्नन्ति मनःसुवृत्ति चरित्रहांशि
च वितन्वते ते ॥

卐

* અધમ મોહવૃત્તિના બુરા વિચારોને તારા મનમાં પેસતા રોક. તેઓ અન્દર ઘૂસીને મનની સદ્‌વૃત્તિને હણે છે અને ચરિત્રને બગાડે છે.

卐

* Drive awey veil thoughts arising from evil passions. let not them enter your mind, since. having entered the mind, they destroy the goodness of mind and corrupt character.

प्रति,

BOOK-POST

From,
શ્રી આત્માનંદ પ્રકાશ
ઠે. શ્રી જૈન આત્માનંદ સભા,
ખારગેટ, ભાવનગર–૩૬૪ ૦૦૧.

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.
મુદ્રક : આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, સુતારવાડ, ભાવનગર.